પ્રકરણ ૮:

દલપત ચૌહાણનું પ્રકીર્ણ સાહિત્ય

કવિતા, વાર્તા, નવલકથાની જેમ તેમની પાસેથી કેટલુંક પ્રકીર્ણ સાહિત્ય પણ મળે છે. જેમાં સંશોધન-સંપાદનનો સમાવેશ થાય છે. તેમની પાસેથી સંપાદન મળે છે. ગુજરાતી દલિત ટૂંકી વાર્તાનું સંપાદન 'ગુજરાતી દલિત ટૂંકીવાર્તાઓ' (૨૦૦૯) અને 'વણબોટી વારતાઓ' ના નામે મળે છે. તો દલિત કવિતાનું સંપાદન અન્ય સાથે મળીને કર્યુ છે. જેમાં' દુંદુભિ'(૨૦૦૧), અને 'શબ્દે બાંધ્યો સૂરજ'(૨૦૧૧) નો સમાવેશ થાય છે. તો 'દલિત સાહિત્યના ઈતિહાસની એક કેડી કંડારી આપવાનો પ્રયત્ન કરતું,દલિત સાહિત્યનાં ઈતિહાસનું પુસ્તક 'દલિત સાહિત્યની કેડીએ' તેમની પાસેથી મળે છે. તેમના આ ઈતિહાસને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'શ્રેષ્ઠ સાહિત્ય પુસ્તક પુરસ્કાર' (૨૦૦૮) પણ મળ્યો છે. તેમની પાસેથી ઉત્તર ગુજરાતના દોતર પરગાણાના દલિત પછાતોના શબ્દોનું સંકલન 'તળની બોલી' ના નામે (શબ્દકોશ) મળે છે. જે તેમનું દલિત સાહિત્ય ને વિશિષ્ટ પ્રદાન છે. આ ઉપરાંત દલિત સાહિત્ય સાગમટે અન્ય સાથે 'સ્વકીય' (૨૦૧૨) પુસ્તક પણ તેમની પાસેથી મળે છે.

'ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ'એ દલપત ચૌહાણનું ઇ.સ.૨૦૧૨માં પ્રગટ થયેલું દલિત સાહિત્યના ઇતિહાસનું પુસ્તક છે.વીસમી સદીના આઠમાં દસકના પૂર્વાર્ધથી લઇને ૨૧મી સદીના પ્રથમ દસકા સુધી લખાયેલા-ખેડાયેલા દલિત સાહિત્યનો ઈતિહાસ અહી રજૂ થવા પામ્યો છે.દલપત ચૌહાણ અહી જણાવે છે"ગુજરાતી સાહિત્ય કે ભારતીય સાહિત્ય સમજવા માટે આપણને જાતિગત/જ્ઞાતિવાર સંબંધોને સમજવાની ખાસ જરુર પડતી નથી,કારણ કે આ સાહિત્ય રચનારા સાહિત્યકારો ચોક્કસ(સવર્ણ)જાતિના હોય છે ને,જે તે જાતિ વિશે લખાયેલું હોય છે.તે વાચકો પણ તેમની જાતિના હોય છે અને અન્ય જાતિઓને પણ તેમના સ્ટેટસ કે સ્થાનની પૂરી ખબર હોય છે.જેથી તે સમજવા માટે જાતિવાદ કે વર્ણવાદ સમજવાની જરુરત રહેતી નથી.કારણ કે અમુક ચોક્કસ ઉચ્ચજાતિઓ અને રાજા મહારાજા-દિવાન કે ઠાકોરોની જ કથાઓ લખવાનો ખ્યાલ હતો.એમાં જનસામાન્ય તો ગાંધીયુગ પછી સાહિત્યનું કેંદ્ર બનવા આગળ વધ્યો.ગાંધીયુગ અને ત્યારબાદના અનુગાંધીયુગ અને આધુનિકયુગમાં કે દલિતો વિશે લખવાની શરુઆત થઇ ત્યારેય વર્ણવાદ સમજવાની જરુરત ન પડી કારણ કે ઘણું અલ્પ લખાયું હતું અને જે કાંઇ લખાયું તે શિષ્ટમાન્ય સાહિત્યની નકલ કરીને એને અનુરુપ લખાયું એટલે જાતિગત સામાજિક સંદર્ભો સમજવાની જરુરત ના રહી.પરંતુ વીસમી સદીના આઠમાં દસકના પૂર્વાર્ધમાં જે સાહિત્ય આવ્યુ તેણે જાતિવાદ સમજવાનો તકાદો કર્યો.જાતિવાદ કેટલું વરવું સ્વરુપ ધરાવે છે.તે જાણવું અનિવાર્ય થઇ પડયું અન્યથા દલિત સાહિત્ય સમજવામાં ભૂલ થવા સંભવ છે અને અન્યાય પણ થઇ શકે."[૧]અહી દલિત સાહિત્યનો ઇતિહાસ લખવો કેમ જરુરી થઇ પડ્યો?તેમજ સામાજિક

સંદર્ભોને,જાતિવાદને સમજ્યા વિના દલિત સાહિત્યને સમજવું અધૂરું છે એ બાબતો તરફ ઇતિહાસકાર તરીકે તેઓ ધ્યાન દોરે છે.

ગુજરાતી સાહિત્યમા આધુનિકયુગ પછી અનુઆધુનિકાળમાં દેશીવાદ,નારીવાદ અને દલિતવાદ જેવા પ્રવાહોનું ખેડાણ શરું થયુ.જેમાં દલિતવાદ/દલિત સાહિત્ય અનુઆધુનિકયુગની મૂખ્ય ઓળખરુપે સ્થાપિત થયુ.સાહિત્યના દરેક સ્વરુપમાં દલિત સાહિત્યની કૃતિઓ મળી.આશરે ચાર દાયકાની મઝલ કાપી ચૂકનાર આ સાહિત્યએ પોતાની એક વિશેષ ઓળખ ઊભી કરી હોવા છતાં ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં માત્ર તેની ટાંચણરુપ નોંધ લેવામાં આવી છે.એવામાં દલિત સાહિત્યનો ઇતિહાસ આ જ પ્રવાહના કોઈ સર્જક/સાહિત્યકાર પાસેથી મળે તો એને ઉચિત ન્યાય મળી રહે.

'દલિત સાહિત્યની કેડીએ' પુસ્તકની પ્રસ્તાવનામાં હરીશ મંગલમ જણાવે છે"ગુજરાતમાં દલિત સાહિત્યની જ્યારથી શરુઆત થઇ ત્યારથી દલપતભાઇ અગ્રેસર રહ્યા છે.એ સમય હતો જ્યારે જાગૃતિ નહોતી,એમની સાથે પ્રવીણ ગઢવી અને નીરવ પટેલ જેવાં માંડ પાંચેક મિત્રો હતો.તેઓ દલિત કાવ્યો રચતા,'કાળો સૂરજ' અનિયતકાલીનમાં છાપતાં અને દલિત વસ્તીમાં વિતરણ કરતા.ચાલીએ ચાલીએ ફરતાં.ગરીબો,પીડિતો,વંચિતો અને શોષિતો તરફી પ્રવૃતિ કરતાં.એ સમયથી તે આજની ઘડી સુધી એક સામાજિક કાર્યકરની જેમ એમણે પ્રવૃત્તિ ચલાવી છે.આજે પણ તેમનો તરવરાટ અકબંધ છે.જ્યારે ગુજરાતમાં દલિત સાહિત્યની શરુઆત થઇ હતી ત્યારે કેટલાક સાહિત્યકારોએ એનો સખત વિરોધ કર્યો હતો અને વરવી માનસિકતાનું પ્રદર્શન કર્યુ હતું.આવી વિરોધી સાહિત્યકારોની માનસિકતાને એમણે ખુલ્લે આમ પડકારી હતી,પડકારી રહ્યાં છે.આવી વરવી માનસિકતા ધરાવનારાઓનો રોષ વહોરીને પણ,તાર્કિક દાખલા-દલિલો કરી,આક્રોશ સાથે દલિત સાહિત્યની એમણે ખેવના રાખી છે.આવા કર્મશીલ સાહિત્યકાર તરફથી દલિત સાહિત્યની ઐતિહાસિક હકીકતો પ્રાપ્ત થાય અને તેથી કરીને પ્રમાણભૂતતા પર વિશ્વાસ બેસે એમાં કશું જોખમ જણાતું નથી."[૨]આમ,દલિત સાહિત્યની સ્થાપના માટે શરુઆતથી જ જેમનું યોગદાન રહ્યું છે એવાં સર્જક અને કર્મશીલ દલપત ચૌહાણ પાસેથી દલિત સાહિત્યનો ઇતિહાસ આપણને અહી મળે છે.

અહી દલિત સાહિત્યનો,પુસ્તક લખાયુ ત્યાં સુધીનો એટલે કે ચાર દાયકાનો ઇતિહાસ રજૂ થવા પામ્યો છે તેથી પુસ્તકના શીર્ષકમાં કેડી શબ્દનો પ્રયોગ સૂચક છે.અહી તેમણે ગુજરાતી દલિત સાહિત્યનો ઇતિહાસ સ્વરુપગત પ્રકરણમાં વિભાજિત કરીને રજૂ કર્યો છે.સમગ્ર પુસ્તક આઠ પ્રકરણમાં વિભાજિત થયેલું છે.૧.કવિતા,૨.દલિત નાટક,૩.દલિત નવલકથા,૪.દલિત વાર્તા,૫. જીવનચરિત્ર, આત્મકથા, રેખાચિત્ર અને પ્રકીર્ણ, ૬.વિવેચન,૭.અનુવાદ,૮.ઉપસંહાર.

પ્રથમ પ્રકરણ 'દલિત કવિતા'વિશેનું છે.પ્રકરણની શરુઆતમાં જ તેઓ દલિત સાહિત્યને સમજવા માટેની અનિવાર્ય શરતો ઉપર ભાર મૂકે છે.દલિત સાહિત્ય એવા ચોક્કસ નામકરણ હેઠળ આ સાહિત્ય લખાવા માડયું એ પહેલાં ગાંધીયુગમાં ગાંધીજીના પ્રભાવ હેઠળ સહાનુભૂતિપૂર્વક દલિત સમાજજીવનનું આલેખન બિનદલિત સર્જકો દ્વારા ગુજરાતીમાં તેમ અન્ય ભાષાઓમાં પણ થયુ.પરંતુ ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગના અસ્તાંચળ બાદ આ લેખનના વળતાં પાણી થયા.એટલું જ નહી પણ

સમાજજીવન,દેશ-દુનિયાની અસર ઝીલવાને બદલે આ સર્જકોએ ઉચ્ચવર્ગની સંવેદનાઓને જ સાહિત્યમાં નિરુપિત કરવાનું કામ કર્યુ.આનું સૌથી મોટું કારણ તેમના મતે"ગુજરાતી સાહિત્યકારોનું બ્રાહ્મણવાદી મનોલક્ષણા ધરાવતું વગદાર પ્રમુખ જૂથ છે.તેઓ લખવામાં સ્વજાતિ અને ચાપલૂસી કરવા માટે રાજકારણીઓની કદમબોસી કરે છે.ગુજરાતી સાહિત્યની મોટાભાગની સાહિત્યિક સંસ્થાઓ બ્રાહ્મણવાદીઓના હાથમાં છે.મજાની વાત એ છે કે જે મધ્યમવર્ગીય સાહિત્યકારો આઝાદી પછી લખતાં થયા,તે ધર્મની ભાષામાં શુદ્ર છે અને દલિતોને શુદ્ર કહી પોતાનો વર્ણ છૂપાવે છે.આ જૂથ માને છે કે સર્જન અને સર્જનાત્મકતા એ એક વૈયક્તિક મનોસંચલનોના આવિષ્કારની નિષ્પત્તિરુપ ઘટના છે.અંગત અનુભૂતિનો પરિપાક એટલે કૃતિસર્જન,સમાજને નકાર્યો."[3]છે.

દલિત સમાજના ઉદ્ધાર માટે પ્રયત્ન કરનાર મહાત્મા ફૂલે,ગાંધી,સયાજીરાવ ગાયકવાડ અને ડો.આંબેડકરને તેઓ અહી યાદ કરે છે.દલિત કવિતાની પૃષ્ઠભૂમિ સર્જી આપનાર દલિત પત્રકારત્વની વાત તેઓ અહી પહેલી કરે છે.ગુજરાતીમાં સૌપ્રથમ નાગજીભાઈ આર્યએ 'દલિત ગુજરાત' નામનું છાપું ચલાવી દલિત પ્રશ્નોની આલબેલ પોકારી હતી તેની નોંધ લે છે.બાબાસાહેબ આંબેડકરના મૃત્યુ વેળાએ ભજનોના ઢાળમાં,લોકગીતના ઢાળમાં,પદો અને ફિલ્મી ગીતોના ઢાળમાં બાબાસાહેબને અંજલિ આપતી કવિતાઓ સૌપ્રથમ લખાય હતી એની વાત તેઓ કરે છે અને તેનું સંપાદન 'અંજલિ'નામે રમેશચંદ્ર પરમારના હાથે થાય છે.આ સમય દરમ્યાન જે સામયિકોએ/પત્રિકાઓએ પોતાનું યોગદાન આપ્યું તેમાં 'પરિવર્તન','તમન્ના','ગરુડ','દલિતબંધુ'',આર્તનાદ','અભ્યુદય'નો સમાવેશ થાય છે.ઈતિહાસકારે અહી સામયિકોનાં યોગદાનને યોગ્ય રીતે મૂલવી આપ્યો છે.તેઓ દલિત સાહિત્યના ઇતિહાસમાં ૧૯૮૧ અને ૧૯૮૫માં ગુજરાતમાં ફાટી નીકળેલા અનામત વિરોધી આંદોલનને મહત્વપૂર્ણ ગણાવે છે.આટલી ભૂમિકા પછી દલિત કવિઓ અને એમના કાવ્યસંગ્રહોની વર્ષવાર યાદી આપીને ઉત્તમ કાવ્યપંકિતઓ રજૂ કરી એની સમજ પૂરી પાડી છે.પ્રકરણને અંતે તેમણે સંદર્ભસૂચિ પણ મૂકી આપી છે.

બીજું પ્રકરણ 'દલિત નાટક' અંગે છે.જેમાં શરુઆતમાં તેમણે ભવાઇ અંગેના પોતાના સંશોધનના નિરીક્ષણો રજૂ કર્યા છે.એ પછી ગુજરાતી દલિત નાટકક્ષેત્રે મહત્વનું યોગદાન આપનાર દલપત ચૌહાણ અને અન્ય નાટયકારોની વિગતો આપી નાટક વિશેના પોતાના નિરીક્ષણો પણ પ્રસ્તુત કર્યા છે.

એ પછીનું ત્રીજું પ્રકરણ 'દલિત નવલકથા' અંગેનું છે.અહી પણ તેમણે તમામ દલિત નવલકથાઓ અંગેની વર્ષવાર યાદી રજૂ કરી નવલકથાના સ્વરુપગત લક્ષણોને આધારે સમીક્ષા કરી છે પણ સર્જકે દલિત નવલકથા અંગેના વિવેચકોના નિરીક્ષણોને અહી રજૂ કર્યા હોત તો ચિત્ર વધારે સ્પષ્ટ થતું.ગુજરાતી સાહિત્યમાં દલિત વાર્તાએ એનાં આગવા વિશેષો પ્રગટ કર્યા છે.શરુઆતમાં વ્યક્તિગત વાર્તાસંગ્રહો ન મળતાં વાર્તાના સંપાદનો મળે છે ત્યારબાદ વ્યક્તિગત વાર્તાસંગ્રહ દલિત સર્જકો પાસેથી મળે છે.આમાંથી ઘણી વાર્તાઓના અન્ય ભાષાઓમાં અનુવાદ થાય છે.ઇતિહાસકારે અહી જેમની

પાસેથી એકાદ બે પણ દલિત ચેતનાની દષ્ટિએ ઉત્તમ વાર્તાઓ મળી હોય એવી વાર્તાઓની નોંધ પણ લીધી છે.

પ્રકરણ પાંચમાં તેમણે જીવનચરિત્ર,આત્મકથા,રેખાચિત્ર, અને અન્ય પ્રકીર્ણ રચનાઓ વિશે નોંધ આપી છે.

પ્રકરણ છમાં 'ગુજરાતી દલિત વિવેચન'ની ચર્ચા કરી છે.સાહિત્યિક કૃતિના સર્જનની સાથોસાથ તેનું વિવેચન,આસ્વાદ,અવલોકન તેમજ સમીક્ષા પણ થવી જરુરી બની રહે છે.ગુજરાતી દલિત વિવેચન ક્ષેત્રે પણ સારા એવાં વિવેચન પુસ્તકો મળ્યા છે.દલિત વિવેચકોની સાથોસાથ બિનદલિત વિવેચકોએ પણ દલિત સાહિત્યની કૃતિઓની સમીક્ષા કરી છે.આવા તમામ વિવેચકો વિશે અને તેમના પુસ્તકો વિશે નામ પૂરતી નોંધ અહી આપવામાં આવી છે.

પ્રકરણ સાતમાં ગુજરાતી દલિત સાહિત્યમાં અન્ય ભાષામાંથી અનુવાદિત થઈને આવેલા પુસ્તકો અને ગુજરાતી ભાષામાંથી અન્ય ભાષામાં અનુવાદિત થયેલાં પુસ્તકોની યાદી રજૂ કરી છે.

અંતિમ પ્રકરણ આઠ ઉપસંહારમાં તેમણે દલિત સાહિત્ય અંગેના પોતાના કેટલાક નિરીક્ષણો રજૂ કર્યા છે.જેમકે"અહી દલિત સાહિત્યનો જુદો ચોકો રચવાની વાત નથી,પરંતુ જે પ્રજાઓએ આજ સુધી સાહિત્યમાં પોતાની વાત કહેવા માટે કલમ ચલાવી નથી,તે પ્રજા પોતાની વાત કહે ત્યારે,તેને યોગ્ય રીતે સમજવાની/સમજાવવાની જરુર રહે છે.દલિત સાહિત્યએ ગુજરાતી ભાષાનું પરિશિષ્ટ નથી.પરંતુ છેલ્લા ગાળામાં એટલે કે ૧૯૭૫થી ૨૦૦૬ અને આગળ વધતો સાહિત્ય ઈતિહાસ છે.ગઈ સદીના ઉત્તરાર્ધમાં આ પ્રવાહ મુખ્ય પ્રવાહ તરીકે પોતાનું સ્થાન જમાવી ચૂક્યો છે.તે ઘટના તમે આ ઈતિહાસના પાનાઓ વાંચતા જરુર સમજાશે જ"[૪]તેમનું આ વિધાન દલિત સાહિત્યએ ગુજરાતી સાહિત્યમાં જે વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે એની સાહેદી પૂરે છે.સાથે જ તેમણે એ વાત પણ ઈંગિત કરી છે કે આજે નહી તો કાલે કહેવાતા બ્રાહ્મણવાદી સાહિત્યકારોએ દલિત સાહિત્યની નોંધ અચૂક લેવી જ પડશે.

'તળની બોલી'

'તળની બોલી' એ તેમનું સંપાદન-સંશોધનનું પુસ્તક છે.જે વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદ દ્વારા ઈ.સ.૨૦૦૯માં પ્રકાશિત થયેલ છે.આ પુસ્તક દોતોર પરગણાના લોકો દ્વારા બોલાતી ગામઠી-તળપદી બોલીના શબ્દોનું છે.દલપત ચૌહાણ પોતે મહેસાણા જીલ્લાના વતની પરંતુ પિતા સાથે અમદાવાદના પૂર્વ વિસ્તાર રખિયાલમાં આવીને વસ્યાં.શહેરી ભાષા શીખ્યા પરંતુ પોતાના વતનની ભાષા સાથેનો તેમનો લગાવ અકબંધ રહ્યો.આ લગાવ તેમને આ પુસ્તક નિર્માણ સુધી ખેંચી જાય છે.પુસ્તકની પ્રસ્તાવનામાં જણાવે છે"સાહિત્યમાં જ્યારે વીસમી સદીના છેલ્લાં બે દશકમાં દલિત સાહિત્ય/ગ્રામચેતનાનું સાહિત્ય લખનારાં સાહિત્યકાર આવ્યાં.મૂળ ભાષા,ગ્રામ શબ્દો,જુદાં જુદાં વિસ્તારના સ્વર ભારવાળી/છાંટવાળી ભાષાનો મહિમા થવાં લાગ્યો,ત્યારે મને મારાં પ્રદેશની ભાષાના

શબ્દોનો મહિમા કરવાની ઇચ્છા થઇ.મેં શબ્દોને ભેગા કરવાનું અભિયાન આદર્યું અને તળની બોલી નામે બોલીના શબ્દોનું પુસ્તક તૈયાર કર્યું.”[૫]

આ પુસ્તકમાં સમાવેલા શબ્દો પાછળ તેમનો અભિગમ ભાષાવિજ્ઞાનની પદ્ધતિનો નહી પણ એ બોલીની ઇ,ઉ અને ઈ,ઊને તેનાં સ્વરભારની લાક્ષણિકતા પ્રમાણેનો રહ્યો છે.આ શબ્દકોશ માન્ય પ્રચલિત એવા સાર્થ જોડણીકોશ જેવો નથી.આની સ્પષ્ટતા દલપત ચૌહાણ પ્રસ્તાવનામાં જ કરી દે છે.તેઓ નોંધે છે“અહીની શબ્દાવલીમાં જોડણીકોશની શિસ્ત ઓછી લાગે તથા શબ્દના માન્ય ભાષા કરતાં વિપરિત અર્થ પણ સંભવી શકે છે.શબ્દના સ્ત્રીલિંગ,પુલિંગ કે નપુસકલિંગમાં પણ ફેરફાર હોય શકે.એટલે કે આ શબ્દાવલી મહદંશે સ્વતંત્ર જાણીને,એક ઐતિહાસિક તથ્ય ગણીને તેની સામે જોડણી વ્યુત્પતિ કે ઉત્પત્તિ વિશેના પ્રશ્નો ઊભા કરી શકાય નહી અને જો ઊભા કરાય તો તેનાં અર્થઘટનો લોકબોલી સાથે મેળ પાડી શકે નહી.આ લોકોના ઉચ્ચાર,અર્થ ને શબ્દ આપવા કે સાચવી રાખવાનો પ્રયત્ન છે.એટલે ભાષાશાસ્ત્રીઓની શિસ્ત કદાચ(પ્રયત્ન કરેલ છે)ઓછી હોય તો સહ્ય ગણવું જોઇએ.તેને સંશોધનના દરજ્જામાં ગણવામાં આવે તો જ સરખો ન્યાય અપાય.”[૬]

અહીયાં કક્કાવારી પ્રમાણે સંપાદકે ઓરગણાં(વાલ્મીકિ-ભંગી)થી હુતાર(સુથાર)સુધીની દોતોર પરગાણાંમાં વસતી અને પ્રસંગોપાત ગામની થઇને રહેલી જાતિઓનાં કામગીરીનાં સાધનો(જૂનાં-નવાં)માલ ઉત્પાદન કરવાની રીતનાં શબ્દ ,લગ્ન,મરણ વખતે ઉપયોગમાં લેવાતાં શબ્દ તથાં કેટલીક જાતિઓનાં ગુપ્ત શબ્દોનેય અહી સાંકળવામાં આવ્યાં છે.આ સીવાય ભીક્ષાવૃતિ કરનાર,મનોરંજન કરનાર,જ્ઞાતિઓ માટે વપરાતાં જુદા જુદા શબ્દ,સ્ત્રી-પુરુષના પહેરવેશ,સ્ત્રી-પુરુષના સોના ચાંદીનાં ઘરેણાં,ઘર વિશેના શબ્દ,ઘંટીનાં શબ્દ,હોકાના શબ્દ,ભોજનની વાનગીઓનાં નામ,દારું ગાળવાની ભઠ્ઠીના શબ્દ,મોરપીછના નામ,ઝાડ ઘાસના નામ,પંખીઓના નામ,ગામડાના દેવ દેવીઓ ધાર્મિક પરંપરાના સાધનોના નામ,કહેવતો,રુઢિપ્રયોગો વગેરે શબ્દો અહી કક્કાવારી પ્રમાણે રજૂ કરવામાં આવ્યાં છે.આ શબ્દો એકઠાં કરવામાં સંપાદકે-સંશોધકે ઘણી જહેમત ઊઠાવી છે.એનો ખ્યાલ પુસ્તકની પ્રસ્તાવના વાચતા મળે છે.અહી સમાવામાં આવેલા શબ્દોમાંથી મોટાભાગના શબ્દો તેમની દલિત સાહિત્યની કૃતિઓમાં પ્રયોજાયેલા છે તેથી તળપદા શબ્દોનાં અર્થ/પર્યાય જાણવા માટે આ પુસ્તક વાચકને મદદરુપ બને છે.

‘હું,સંભારણા અને સફર’ (લલિત નિબંધસંગ્રહ)

ઇ.સ.૨૦૧૭મા પ્રકાશિત થયેલ દલપત ચૌહાણનું આ પુસ્તક લલિત નિબંધોનો સંગ્રહ છે.અલગ અલગ સમયે અલગ અલગ સામયિકમાં પ્રકાશિત થયેલા તેમના નિબંધો આ સંગ્રહમાં સમાવામાં આવ્યા છે.શીર્ષક અનુસાર આ સંગ્રહમાં સમાવિષ્ટ નિબંધો ત્રણ વિભાગમાં વહેચાયેલા છે.જેમાં ‘હું’વિભાગમાં તેમની સર્જનલક્ષી કેફિયત પ્રસ્તુત થઇ છે. આ વિભાગમાં ચાર નિબંધ છે જેમાં ‘રંગબદ્દુ નટરાજ’ એકાંકીકાર તરીકેનો તેમનો સર્જકજીવ પ્રસ્તુત થવા પામ્યો છે.‘વાર્તા લખવી તો શું?’નિબંધમાં વાર્તાકાર દલપત ચૌહાણની સર્જન ક્ષણો ભાવક સમક્ષ પ્રસ્તુત થઇ છે. ‘નાટક લટકા કરે’ એ દલિત નાટ્યકાર તરીકે તેમની કેફિયતને પ્રસ્તુત કરતો નિબંધ છે.તો ‘મને અંધારા બોલાવે’

નિબંધમાં નવલકથાકાર દલપત ચૌહાણની છબી રજુ થઇ છે.આમ આ વિભાગના ચારેય નિબંધોમાં સર્જકનો 'હું' રજુ થવા પામ્યો છે.વિભાગ બે 'સંભારણા'માં ચાર નિબંધો છે જેમાં અનુક્રમે મા,બાપા,દીકરી અને વતનના સ્મરણચિત્રો રજુ થયા છે.અંતિમ વિભાગ 'સફર'માં જીવનની સફર દરમ્યાન તેમણે ખેડેલા કેટલાક સ્થળોના મુલાકાત ચિત્રો રજુ થયા છે.આ વિભાગમાં નવ નિબંધોનો સમાવેશ થયો છે.

'રંગબદ્દુ નટરાજ'નિબંધમાં સર્જકે પોતાના રંગલા સાથેના પરિચયને કહો કે પોતાનામાં જીવતા એકાંકીના સર્જકને અભિવ્યક્ત કર્યો છે.બાળપણમાં ગામડામાં જોયેલા અભિનય કરતા રંગલાના પાત્રને અને એની સાથે જોડાયેલા સ્મરણોને આ નિબંધમાં તેમણે વાગોડયા છે.આઝાદી મળ્યા બાદ પોતાના માતા-પિતા સાથે વણાટકામ છોડી અમદાવાદ આવીને વસે છે.ગામડાની આભડછેટ છોડી શહેરના નવા માહોલમાં પ્રવેશે છે.શહેરના નવા માહોલે તેમને નવી અજાયબીઓની ભેટ ધરી.ગામડામાં તો ડગલે ને પગલે તેમને જાતિવાદનો કડવો અનુભવ થતો જ્યારે અમદાવાદમાં આ બધું જ ગાયબ.શહેરના આવા અનુભવોએ તેમને માણસ તરીકેની ઓળખ અપાવી.અહી આ નિબંધમાં તેમનામાં બેઠેલો પેલો એકાંકીકારનો જીવ વધારે અભિવ્યક્ત થયો છે.નિબંધકાર પોતાને રંગલા સાથે ક્યાં ક્યાં મુલાકાત થઇ અને એકાંકીના સ્વરુપનો તેમને થયેલો પરિચય એ અનુભવોને પણ નિખાલસપણે અભિવ્યક્ત કર્યા છે.

"કદાચ તું મને મળ્યો હતો મગન તુરીમાં રંગલા વેશે કે ગલબા નાયકના ભવાઈવેશમાં,ગામચોરે રમાતી ભવાઇ/જાતર કે મારા વાસમાં રમાયેલ તુરી/નાયકોના ખેલમાં કે પછી જીવણલાલની ચાલીના નાકે રમાયેલ રામલીલામાં કદાચ રખિયાલ ગામના હોળી ચકલે રાવણના ખેલમાં કે પેલાં દારુડિયાનો વેશ ભજવતા શનાજીના લથડિયામાં.કદાચ મે તને ટન...ટન...ટન...ટોકરો વગાડતા પતરાના ડબ્બામાં સિનેમા લઇ ઘૂમતા પેલાં વૃદ્ધના જાડા કાચનાં ચશ્માની આરપાર દેખાતી બારામણની ધોબણ ને તેરા મણના લડકા ની આંખોમાં જોયો હોય,કદાચ કઠપૂતળીઓવાળાની આંગળીએ બંધાઇ તું નાચ્યો હોય અથવા તો મદારીની દેરાણી-જેઠાણીના ખેલ દેખાડતી જાદુઇ ત્રણ ઢાંકણીઓમાં છૂપાયેલ મળ્યો હોય."[૭]આમ બાળપણમાં સર્જકે જ્યાં પણ આ રંગલાના પાત્રને જોયો છે તેને તેમણે યાદ કર્યો છે.એ પછી અમદાવાદમાં જે રુપમાં રંગલાને જોયો અનુભવ્યો એણે તો તેમનામાં બેઠેલા પેલા એકાંકીકારને સજીવન કર્યો છે.

નિબંધકારે અહી પહેલ-વહેલા જ્યારે તેઓ અમદાવાદ આવેલા એ સમયના તેમના અનુભવોને પણ અહી નિખાલસપણે અભિવ્યક્ત કર્યા છે.તેમણે પ્રથમવાર જોયેલો કાચના ગોળામાં સળગતો દીવો,ઉંધી ચકલીમાંથી આવતું પાણી,પાણીની ટાંકી આ બધું જોઇ તેમને થયેલું આશ્ચર્ય તો શહેરની દલિતોની જીવણલાલની ચાલીના પરિવેશનું વર્ણન આપણને આશ્ચર્યમાં મુકી દે છે.રખિયાલની શાળાનું મુક્ત માનવીય વાતાવરણ,મંગા સાથેના એમના મધ-મીઠા અનુભવો,પ્રથમવાર ફિલ્મ-સિનેમા જોવી,એમની આર્થિક-અભાવની સ્થિતિને ખૂબ જ સરળતાથી આલેખી છે પણ એમાં જે કરુણતા રહેલી છે એ દલિત નિબંધની વિશેષતા બની રહે છે.ફિલ્મ જોવા માટે છાણ વેચીને બે આના ભેગા કરવા આ બધા અનુભવોને તેમણે અહી પ્રામાણિકતા સાથે રજુ કર્યા છે.

‘વાર્તા લખવી તો શું?’

શબ્દસૃષ્ટિના ‘ટૂંકીવાર્તા અને હું’ વિશેષાંક માટે પોતાની વાર્તાકાર તરીકેની કેફિયત રુપે લખાયેલો આ નિબંધ છે તેથી આ નિબંધમાં તેમનો વાર્તાકાર જીવ પ્રસ્તુત થવા પામ્યો છે.એની સાથોસાથ એમના બાળપણના સંસ્મરણો પણ અહી રજુ થવા પામ્યા છે.દલિત વાર્તાકાર વાર્તાકળાની સાથોસાથ પોતાના સમાજની ચેતના પ્રત્યે પણ પ્રતિબદ્ધ હોય છે.દલપત ચૌહાણ પોતાની વાર્તાકાર તરીકેની કેફિયત પ્રસ્તુત કરવાની સાથોસાથ પોતાના સમાજની વાત માંડવાનું પણ ભૂલતા નથી.વાર્તા રચવાની-સર્જવાની કળા પ્રક્રિયાનો પ્રારંભ તેમણે કઇ રીતે કર્યો એનું આલેખન તેમણે આ કેફિયતમાં પ્રસ્તુત કર્યો છે.‘બદલો’(ગંગામા),‘હડકાયું કૂતરું’ અને ‘બદલો’ જેવી પ્રારંભકાલીન વાર્તાઓ સાથે સંકળાયેલા પોતાના સંસ્મરણોને તેઓ અહી નોધે છે.વાર્તાકારને હમેશા એક અભાવનો અનુભવ થતો રહેતો હોય છે.વાર્તાકાર દલપત ચૌહાણને પણ એક અભાવ સતત સાલ્યો છે કે વિસ્ફોટ થાય એવી વાર્તાનું સર્જન એમનાથી થઇ શક્યું નથી.

‘નાટક લટકાં કરે’

આ નિબંધમાં તેમણે પોતાની નાટયકાર/એકાંકીકાર તરીકેની કેફિયતને રજુ કરી છે.આ કેફિયતમાં તેમણે અનુભવેલા,જોયેલા,અભિવ્યક્ત કરેલા નાટયપ્રસંગોને રજુ કર્યા છે.નાટયસ્વરુપની વિશેષતા,એની ગંભીરતા સંદર્ભે નિબંધકારે પોતાના વિચારો પણ પ્રસ્તુત કર્યા છે તો નાટક સાથેના પોતાના બાળપણના અનુભવોને પણ રજુ કર્યા છે.ચાલીઓના ગાળામાં તેમણે સૌ પ્રથમ શેરીનાટક‘હું માણસ’લખ્યું હતું. ત્યારબાદ દલિત નાટક લખવાના તેમને અભરખા થયા.પોતે લખેલા નાટકો વિશે તેઓ અહી જણાવે છે“મારાં પાંચ જેટલા નાટક અને પંદર-વીસ એકાંકી,થોડાંક રેડિયો નાટક,રેડિયોરુપક,સંગીતરુપક…બસ એટલું જ સરવૈયું.રેડિયોવાળાં તો સમજો રેડિયો પર પ્રસારિત થયાં.પણ મારા નાટક/એકાંકીને બહું ઓછો લાભ મળ્યો ભજવણી થવાનો.હા વાચિકમ થયાં.કેટલાક એકાંકી હિન્દી-અંગ્રજીમાં રુપાંતરિત થયા,ભજવાયાં.નાટક એકાંકીઓના સંગ્રહ થયા.‘અનાર્યાવર્ત’(નાટકસંગ્રહ)અને ‘હરીફાઈ’(એકાંકીસંગ્રહ)મહાવિદ્યાલયોમાં ભણાવાયાં.ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમી,આકાશવાણીના રાષ્ટ્રિય કક્ષાના પારિતોષિક મળ્યાં.‘અનાર્યાવર્ત’,‘પાટણને ગોંદરે’જેવાં નાટકો અને ‘દીવાલો’,‘હરીફાઈ’,‘અંતિમ ચરણ’,‘પોપટ ભૂખ્યો નથી’એકાંકીઓને સારાં નાટક/એકાંકી કહી શકાય.આમ તો કહું તો સીદીભાઇને સીદકાં વહાલાં..એમણે જ તો ગુજરાતી સાહિત્યમાં નવા વિચાર સાથેનો નવો નાટ્યપ્રવાહ પ્રવાહિત કર્યો.મને મારા ભજવાયેલાં એકાંકીઓને ઇનામ મળ્યાની વિગત છાપાઓ મારફત જાણ થયેલી.નાટકને જોવાનો,દિગ્દર્શકો સાથે વાત કરવાનો કે સંવાદનો મોકો મળ્યો જ નથી.હા વાચિકમ થયાની વાત નોખી છે.વળી મારા નાટકો/એકાંકી(કેટલાક)નું કથાબીજ મહાકાવ્ય મહાભારતમાંથી લેવાયું છે.ક્રમ-કથા ઊલટાવી દલિતપટ્ટનો પાસ આપીને આ નાટકોને મારે ઇશારે ચલાવું છું.એમ એમને ચાલવું પડે છે.નવો વિચાર,નવી વિભાવના,નવી કથા,નવો સંસ્કાર,નવો પડકાર.નવાં તારણ-ધારણ નીકળે.પાટણ સાથે જોડાયેલી વીર માયાની કથા કે અમદાવાદ સાથે જોડાયેલી સસ્સે પે કૂત્તાવાળી દંતકથા મારે તાલે

તો થેઇ...તા થેઇ કરે.એ જ અમારો આજનો દલિત સંઘર્ષ છે.ભારતીય સંસ્કૃતિની ધરબાયેલી અજાણ સંસ્કૃતિની ઓળખ છે."[૮]આ રીતે પોતાના દલિત નાટકો સાથે જોડાયેલા મધ-મીઠા અનુભવોને પણ આપણી સમક્ષ રજુ કર્યા છે.'મને અંધારા બોલાવે'નિબંધમાં તેમણે નવલકથાકાર તરીકેની પોતાની કેફિયત પ્રસ્તુત કરી છે.નવલકથાના સાહિત્ય સ્વરુપ સાથે પોતે કઇ રીતે પનારો પાડ્યો કેવી મુશ્કેલીઓનો સામનો કર્યો અને ખાસ કરીને પોતાની નવલકથાઓમાં આલેખાયેલો ગામડાનો દલિત સમાજ અને વિવિધ બિનદલિત સમાજના ચિત્રની વાત તેઓ અહી રજુ કરે છે.'માડી મધમીઠું ગોઠીમડું'ચંદુ મહેરિયા સંપાદિત 'માડી મને સાંભરે રે'અંતર્ગત દલપત ચૌહાણ દ્વારા લખાયેલો માના શબ્દચિત્રને પ્રસ્તુત કરતો આ નિબંધ છે.એમના સર્જન ઘડતરમાં માના મૂખે સાંભળેલી વાર્તાઓનો ફાળો,માનો પ્રેમ,સ્નેહ,વાત્સલ્ય લેખકે એમની રસાત્મક શૈલીમાં અહી અભિવ્યક્ત કર્યો છે.માના બાહ્ય દેખાવના વર્ણનની સાથોસાથ માની હિંમત,પિતાજી સાથેનો મેળાપ,સ્વમાન,સહનશક્તિ વગેરે અંગત પાસાઓનું પણ આલેખન કર્યુ છે.બાલકૃષ્ણ આનંદ સંપાદિત 'પિતૃગાથા'નિબંધસંગ્રહ અંતર્ગત દલપત ચૌહાણ દ્વારા પોતાના પિતાજીની સ્મૃતિને અંજલિ અર્પિત કરતો નિબંધ 'બાપાનું મૂલ'(મૂલ્ય)છે.બાપા ધૂળાભાઇની આગવી છાપ ગામમાં અને વાસમાં હતી.તેમની પેઢીમાંથી તેઓ એક પેઢી આગળ તેથી તેમને બધા ભા કહીને બોલાવે.બાપાના બાહ્ય ચિત્ર વર્ણનની સાથે આંતર વ્યક્તિત્વને પણ રજુ કર્યુ છે. જુઓ"બાપા વિશે લખવું અઘરું છે,એમનો દેખાવ ઠાઠભર્યો.અમદાવાદની સોબતે લાંબો મહાજની કોટ પહેરતા.માથે બાંધણીનો સાફો,વાંકડી મૂછો,હાથમાં છાપું.અસ્પૃશ્ય દેખાવના બધાં જ લક્ષણો ગુમ.ડર કે ક્ષોભ વિના ગમે ત્યાં પહોચી જવું અને દેખાવ એવો કે કોઇ જાત પૂછવાની હિંમત ન કરે.સમય પ્રમાણે હાજરજવાબી એટલે જ તો એમનું ચરિત્ર ન જાણે કેટલાય ભાગમાં વહેચાયેલું હતું.અને સમગ્ર વિભાગોને ભેગા કરવામાં આવે તો એક ધૂળાભા ઉર્ફે ધુળા પૂંજા તૈયાર થાય"[૯]બાપાના ચરિત્રચિત્રણ નિમિત્તે અહી ગામડાનો જાતિવાદી ચહેરો પણ બેનકાબ કરે છે.બાપામાં રહેલી નિખાલસતા એમને મુશ્કેલીમાં પણ મૂકે છે.એમનું લડાકું-વિદ્રોહી વ્યક્તિત્વ એમના સંતાનોમાં ખાસ કરીને લેખકમાં ઉતરે છે.કર્મશીલ તરીકે તેમણે પણ અન્યાય સામે ભાથ ભીડી.એમનું સ્વમાની વ્યક્તિત્વ,એમનો બાળકો પ્રત્યેનો પ્રેમ,આપેલા વચન પ્રત્યેની પ્રતિબદ્ધતા વગેરે ગુણ અહી અલગ અલગ પ્રસંગોમાં આલેખાયા છે.'કૂકા સૂના પડ્યા'નિબંધ એમની વ્હાલસોયી દીકરીઓ પ્રત્યેનો પ્રેમ અભિવ્યક્ત થયો છે.આ નિબંધ સમાજમિત્ર સામયિકના એપ્રિલ-૨૦૦૫ના અંકમાં છપાયો હતો.લેખકના પરિવારમાં બે દીકરા અને બે દીકરીઓ છે.એમાં લેખકને પોતાની દીકરીઓ પ્રત્યે અનોખો લગાવ છે જે નિબંધમાં રજુ થયો છે.'દીકરી માની સખી ખરી પણ બાપની બહેન'જેવું વાક્ય જ પોતાની દીકરીઓ પ્રત્યેના તેમના અનોખા અંદાજને વ્યક્ત કરે છે.સંતાનોને બેટા કહીને નહી બચુ કહીને સંબોધે છે.મોટી થયેલી દીકરીઓને તેઓ લાડવાચક નામોથી જ સંબોધે છે.એટલું જ નહી દીકરીઓમાં તેમને પોતાની બહેનો સાથેના અતુટ સંબંધની ઝાંખી પણ થાય છે.લેખકની જીવંત વર્ણનશૈલી એમના પારિવારિક જીવનને હૂબહૂ પ્રસ્તુત કરે છે જુઓ"દીકરીઓ સાથે હજી આંગણું રમે છે,અડકો દડકો...ને ઉછાળે છે,કૂકા...કૂકાની હાર-જીતથી જોડેલા હાથને પડતી થપાટ,હજીય...ખિલખિલાટ હસી પડે છે.એ તો ફૂર્રર...ફૂર્રર ચકલીઓ ઊડી ગઇ,સાથે એમની રમતોય.હવે તો આંગણું દરિયો રમે છે.ધોકેણે ક્રિકેટ

રમે છે ને,પીછું થઇ બેડમિન્ટન રમે છે.સ્મૃતિઓનાં વહાણ…હાલક-ડોલક.દીકરીઓની જગ્યા પૌત્ર-પૌત્રી પચાવતાં લાગે છે"[૧૦]આમ,અહી ઘરમાં દીકરીઓના આગમનથી લઈને લગ્ન સાથે થયેલી વિદાય સુધીના સંસ્મરણો આ નિબંધમાં આલેખાયા છે.વતનની વાત નિબંધમાં વતનના સંસ્મરણો લેખકે નિરુપ્યા છે.ગામડું કોઈપણ દલિત માટે સુખાકારી કે નિશ્ચિંતતાનો અહેસાસ કરાવનાર નથી.ડૉ.બાબાસાહેબ આંબેડકરે પણ કહ્યું હતું કે દલિતોએ જેમ બને તેમ ગામડાઓ છોડી શહેરોમાં વસવું જોઈએ.ગામડું દલિતો માટે નર્ક સમાન હતું અને આજે પણ છે.નિબંધના પહેલા ફકરામાં જ આપણને લેખકને થયેલા જાતિવાદી કડવા અનુભવનો પરિચય મળી રહે છે.લેખકનું ગામ એટલે મંડાલી.અહી લેખક વાત પોતાની જ નહી પણ પોતાના સમાજની પણ કરી રહ્યાં છે જુઓ

"હું અમદાવાદ અને મારા ગામ મંડાલી વચ્ચે વહેચાયેલો છું.અમદાવાદની ચાલી મારો શ્વાસ,પ્રાણ છે.ગામ તો કઈક છે છતાં નથી.સંભારણા બન્નેના છે પણ…ગામડું તો છાતી પર સવામણનો પથ્થર છે.નથી દૂર કરી શકાતો,નથી સહી શકાતો…છતાં…"[૧૧]

વતન સાથેના સંભારણા-સંસ્મરણો હ્રદયને દઝાડે તેવાં છે.ગામડાનો ભૌગોલિક નકશો તો આ ગામડાની સામાજિક વિષમતા,દલિતોની દયાવૃત્તિ,એમનું શોષણ વગેરે પણ અહી સર્જકે ચિત્રિત કર્યુ છે.એમને થયેલા અસ્પૃશ્યતાના કડવા અનુભવો આ બધું જાંઘ ખુલ્લી કરીને બતાવી આપ્યું છે

ખજૂરાહોના પ્રવાસનું વર્ણન 'ખજૂરાહો એક સ્વપ્નનગર'નિબંધમાં મળે છે.ખજૂરાહો પહોચતાં પહેલા ઝાંસીની રાણીનો કિલ્લો તેઓ જુએ છે આ નિમિત્તે તેઓ ઈતિહાસમાં પણ ડોકિયું કરી લે છે.લેખકની સૌંદર્યદષ્ટિએ ખજૂરાહોના શિલ્પોની કળાને સારી રીતે પારખીને શબ્દોમાં અભિવ્યક્ત કરી છે.

'સલામ સમય સલામ' પ્રવાસ નિબંધ છે આ પ્રવાસનિબંધમાં સર્જકે કરેલા નાસિક(મહારાષ્ટ્ર)ના પ્રવાસ-સફરની સ્થળ વિશેષની સાથે તેના ભૂતકાલીન વારસા સાથે આલેખન કર્યુ છે.નાસિક કાળારામ મંદિર દલિતો માટે સંઘર્ષની ભૂમિ ગણાય છે.અહીયાં જ કાળારામ મંદિર પ્રવેશ માટેનું આંદોલન આંબેડકરે કર્યુ હતું.અહી સર્જક સામે ૧૯૩૦નો સમય ખડો થઇ જાય છે.એ પછી ત્રિરશ્મિ બૌદ્ધ ગુફાઓ,એનો ભૂતકાલીન ઈતિહાસ,ગોદાવરી નદી એની પવિત્રતામાં બ્રાહ્મણવાદે ફેલાવેલી ગંદકી,અંધશ્રદ્ધા,એમને જોયેલો શ્રાદ્ધનો પ્રસંગ,રામકુંડ કાળારામ મંદિર,દલિતોની બદલાયેલી સ્થિતિનું ચિત્ર,પંચવટી અને છેલ્લે મહારવાડા અને ત્યાંના રહેવાસી મરાઠી દલિત સાહિત્યકાર બાબુરાવ બાગુલ સાથેની એમની મૂલાકાતના સંસ્મરણો આ પ્રવાસનિબંધમાં વાગોડયા છે.

'સહ્યાદ્રિનો દેવગિરિ'પ્રવાસનિબંધમાં નાસિક પછી ઈલપુર-ઈલ્લોરા,ખુલ્દાબાદ,દેવગિરિ-દૌલતાબાદ,ડૉ.આંબેડકર મરાઠાવાડા યુનિવર્સિટી,બીબીના મકબરાની તેમને લીધેલી મૂલાકાત અને તેના સંસ્મરણો આલેખ્યા છે.લેખકની જીવંત ભાષાશૈલી વાચકને પણ આ સ્થળોની જાણે કે રુબરુ મૂલાકાત કરાવતા હોય એમ લાગે છે.

હિન્દી સંસ્થાન આગ્રાના નિમંત્રણે ભુવનેશ્વર જવાનું થયુ એ નિમિત્તે તેમને કરેલા ભુવનેશ્વર,કોણાર્કના સંસ્મરણો અને જે તે સ્થળો સાથે સંકળાયેલો પ્રાચીન ઈતિહાસ પણ 'ભુવનેશ્વર-

ભવનેશ્વર’ નિબંધમાં પોતાની રસપૂર્ણ ભાષાશૈલીમાં અભિવ્યક્ત કર્યો છે.લેખકની લાઘવપૂર્ણ કાવ્યમય ભાષા વાચકને ચિંતનના પ્રદેશમાં દોરી જાય છે.અજેય વિજયનગરમ નિબંધ વિજયનગર-કર્ણાટકની તેમણે લીધેલી મૂલાકાતનું વર્ણન કરવામાં આવ્યું છે.લેખકની ચિંતનાત્મક ભાષા સાથે હળવાશભરી શૈલી આપણું ધ્યાન ખેંચે છે.ચેન્નઇ-મદ્રાસ એટલે તમિલનાડુંનું પાટનગર આ નગરની ઐતિહાસિકતા,તેની સાથે જોડાયેલો સાંસ્કૃતિક વારસો વગેરેનો પરિચય ચલ મન જોવા ચેન્નઇ પ્રવાસનિબંધમાં મળે છે.ભારતના અન્ય રાજ્યોનાં પ્રવાસનિબંધ પછી તેમની પાસેથી અહો! અમદાવાદની સુણીએ નિબંધ મળે છે.અહી અમદાવાદ શહેરની ઐતિહાસિક ખાસિયત તેની ભૌગોલિક,સામાજિક,રાજકીય પરિસ્થિતિઓના આલેખન સાથેનો ગ્રાફ આ નિબંધમાં ચિત્રિત કરેલો જોવા મળે છે.‘ડર લાગે ગરજે બદરિયા’પ્રવાસ નિબંધમાં આનર્ત નગર,લોકબોલીમાં જેને વૈણગર કહેવામાં આવે છે તે વડનગરની ઐતિહાસિકતનું,એના ભૂતકાળની ભવ્યતા સમેતનું વર્ણન મળે છે.સર્જકની સાદી અને સરળ છતાં તાદશ્ય વર્ણન શૈલી વાચકને પકડી રાખવામાં સફળ થતી જોવા મળે છે.ગૂર્જરભૂમિનું જૂનું અને ઐતિહાસિક પાટનગર એટલે પાટણ.આ પાટણની કળાની ભવ્યતા,એના ભૂતકાલીન વારસાની ભવ્યતા-રમ્યતાને સર્જકે આ નિબંધમાં રસાત્મક શૈલીમાં નિરુપિત કરી છે તો અસ્પૃશ્યોનો અપમાનીત ભૂતકાળ-અમાનવીય ક્ષણોને પણ યાદ કરી છે.

દલપત ચૌહાણના તંત્રીપદ હેઠળ ધી લાલ દરવાજા પોએટ્સ વર્કશોપ લિ.અમદાવાદ દ્વારા ‘કાળો સૂરજ ’નામનું અનિયતકાલિન સામયિક પ્રગટ થતું હતું.

આ ઉપરાંત તેમની પાસેથી દલિત સાહિત્ય સંપાદનના પણ કેટલાક પુસ્તકો મળે છે.જેમાં ‘દુંદુભિ’(કવિતા),‘શબ્દે બાંધ્યો સૂરજ’,‘વણબોટી વાર્તાઓ’,‘ગુજરાતી દલિત ટૂંકીવાર્તા’અને ‘સ્વકીય’ નો સમાવેશ થાય છે.

‘ગુજરાતી દલિત ટૂંકીવાર્તાઓ’(૨૦૦૯)માં અઢાર વાર્તાઓનું સંપાદનકાર્ય કરવાનું કામ તેમણે કર્યુ છે.જૉસેફ મૅકવાન,દલપત ચૌહાણ,ભી.ન.વણકર,મોહન પરમાર,મધુકાંત કલ્પિત,બી.કેશરશિવમ,પ્રવીણ ગઢવી,હરીશ મંગલમ,વિનોદ ગાંધી,અરવિંદ વેગડા,રાઘવજી માધડ,માવજી મહેશ્વરી,દશરથ પરમાર,અમૃત મકવાણા,નૈકલ ગાંગેરા, અને સંજય ચૌહાણની વાર્તાઓ પસંદગી પામી છે.અહી જોઇ શકીએ છીએ કે સંપાદકે એક પણ સ્ત્રી વાર્તાકારની વાર્તાને પસંદ કરી નથી.આ સંદર્ભે સંપાદકે સંપાદકીયમાં જણાવ્યુ છે કે“અહી દલિત સ્ત્રી વાર્તાકારોની વાર્તાઓની પસંદગી થઇ શકી નથી.તેનો મને રંજ છે.પરંતુ મને સ્ત્રી વાર્તાકારોની વાર્તાઓ સંતર્પક લાગી નથી અને જ્યારે રાષ્ટ્રિયકક્ષાએ કોઇ પુસ્તક થતું હોય ત્યારે સ્ત્રી-પુરુષનો ભેદ કરી પસંદગી કરવામાં આવે તે યોગ્ય જણાયું નથી”[૧૨]

અહી સંપાદકે ગુજરાતના વિવિધ પ્રદેશોમાં વસતાં દલિતોનાં પ્રશ્નોને વાચા આપતી અને એમની બોલીમાં લખાયેલી વાર્તાઓને યોગ્ય રીતે જ પસંદ કરી હોય એમ લાગે છે.સંપાદકે અહી મધ્યગુજરાતની ચરોતરી બોલી,ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલી અને સોરઠી બોલી વગેરેમાં લખાયેલી વાર્તાઓને સ્થાન આપ્યું છે.

‘વણબોટી વાર્તાઓ’ સંપાદનમાં પાંત્રીસ વાર્તાઓ સમાવિષ્ટ કરવામાં આવી છે.સંપાદક નોંધે છે“આ વણબોટી વાર્તાઓ વિશે વાત કરીએ તો પ્રથમ આ વણબોટી શબ્દ જ આપના માટે નવો હશે.એવું લાગ્યા વિના રહેતું નથી.પણ જાણવા માટે તમે(ભાવક) તૈયાર જ હો છો.એટલે જણાવું કે‘બોટવું’ગામઠી શબ્દ છે.બોટવું શબ્દનો અર્થ થાય છે ચાખવું,એઠું કરવું,વળી સ્પર્શીને પોતાનું કરી લેવું એવો અર્થ પણ એમાં સૂચવાયેલો છે જ.વણ એટલે વિના-આ નકાર સૂચવે છે.આપણે આ કથા શીર્ષકને વણબોટી એટલે કે જેનો સ્પર્શ કરાયો નથી.કોઈએ તેને પોતાની કરી નથી તેવી વાર્તાઓ અહીં આ વણબોટી વાર્તાઓને લેખકોએ પોતાની કરી છે ને આપને આહવાન કરે છે પોતાનું કરવાનું”[૧૩]

‘દુંદુભિ’ એ પ્રવીણ ગઢવી અને હરીશ મંગલમ સાથે મળી કરેલું દલિત કવિતા સંપાદન છે.આ સંગ્રહમાં કુલ ૮૫ જેટલી દલિત રચનાઓને સ્થાન આપવામાં આવ્યું છે.મહાવીરસિંહ ચૌહાણ આ સંપાદન સંદર્ભે નોંધે છે“દલિત કવિતા ખરેખર અનુભવ અને અભિવ્યક્તિમાં સમૃદ્ધ બની છે,દુંદુભિ એની સમૃદ્ધિની પ્રતીતિ કરાવે છે.”[૧૪]

‘સ્વકીય’એ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા થયેલું દલિત સાહિત્ય સાગમટેનું સંપાદન છે.આ સંપાદન દલપત ચૌહાણ,મોહન પરમાર,હરીશ મંગલમ અને પ્રવીણ ગઢવીનું સહિયારું સંપાદનકાર્ય છે.અહીં ગુજરાતી દલિત સાહિત્યનો સમગ્ર ચહેરો જાણે કે પ્રસ્તુત થતો હોય એમ લાગે છે.સંપાદકીય લેખ ગુજરાતી દલિત સાહિત્યના લેખાં-જોખાંને સારી રીતે પ્રસ્તુત કરે છે.સંપાદકીયમાં સહિયારું વિધાન રજૂ કરતા સંપાદકો નોંધે છે“છેલ્લે કહીએ કે,દલિત સાહિત્યની અહી સમાવવામાં આવેલ સાહિત્ય સામગ્રી દલિત સાહિત્યકારોની સ્વકીય સંવેદનાઓ છે.અમે જાણીએ છીએ,એટલે આંનદિત છીએ કે ભાવક/વાચક હંમેશા પોતાના સ્વકીય માપદંડોથી(હૃદયથી)સાહિત્યને નાણતો-માપતો હોય છે.સાહિત્ય વિશેની તેની સમજણ પોતીકી હોય છે.એટલે સાહિત્યની છણાવટ વાચકો પર છોડી દઈએ છીએ.

દલિત સાહિત્યમાં હજીય ઘણું બધું અહીં સમાવી શકાય,પરંતુ સ્થળના અભાવે તે કરી શક્યા નથી.જેમને સાચવી શકાયા નથી તેઓ અમને માફ કરે.તેઓ પણ સારા સાહિત્યકાર છે તેવું અમે સહજ સ્વીકારીએ છીએ.”[૧૫]

સંદર્ભ સૂચિ

૧.ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ,દલપત ચૌહાણ,ગુજરાત દલિત સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૧૨,પૃ.૨

૨.એજન,પ્રસ્તાવના

૩.એજન,પૃ.૫

૪.એજન,પૃ.૧૦૮

૫.તળની બોલી,દલપત ચૌહાણ,ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ,પ્ર.આ.૨૦૦૯,પૃ.૫

૬.એજન,પૃ.૮

૭.હું,સંભારણા અને સફર,દલપત ચૌહાણ,ગૂર્જર સાહિત્યભવન,પ્ર.આ.૨૦૧૭,પૃ.૩

૮.એજન,પૃ.૧૮

૯.એજન,પૃ.૩૭

૧૦.એજન,પૃ.૪૮/૪૯

૧૧.એજન,પૃ.૫૯

૧૨.ગુજરાતી દલિત ટૂંકીવાર્તાઓ,દલપત ચૌહાણ,ભારતીય સાહિત્ય અકાદમી,પ્ર.આ.૨૦૦૯,પૃ૨

૧૩.વણબોટી વાર્તાઓ,દલપત ચૌહાણ,નવભારત સાહિત્ય મંદિર,પ્ર.આ.૨૦૦૦,પૃ.૫/૬

૧૪.દુંદુભિ,સંપાદકોઃદલપત ચૌહાણ અને અન્ય,રંગદ્વાર પ્રકાશન,પ્ર.આ.૨૦૦૧,પૃ.૪

૧૫.સ્વકીય,સંપાદકોઃદલપત ચૌહાણ અને અન્ય,ગુજરાતી સાહિત્ય પરિષદ,પ્ર.આ.૨૦૧૨,પૃ.૧૩